# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 24-09-2025 Day: Wednesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## રાજ્ય મંત્રીમંડળની બેઠક : નવ તાલુકાની રચના

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મળેલી આજે રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં મહત્વપૂર્ણ વહીવટી નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યમાં ૧૭ નવા તાલુકાઓની રચના કરવાનો અને બનાસકાંઠામાંથી નવો "વાવ-થરાદ" જિલ્લો બનાવવાની દરખાસ્તને સર્વનામુત્તે મંજૂરી અપાઇ છે.**

**પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ૨૦૧૩ પછી આ પ્રથમ વખત છે જ્યારે તાલુકાઓની સંખ્યામાં મોટો વધારો થયો છે. હવે રાજ્યના કુલ તાલુકાઓની સંખ્યા ૨૬૫ થશે.**

**મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, નવા તાલુકાઓને વિકસિત કરવાની સાથે શહેરી ઢબે વિકાસ અને સર્વગ્રાહી સુવિધાઓનો લાભ મળશે. વિકેન્દ્રીકરણના ઉદ્દેશ્યથી આ નિર્ણયથી અંતરિયાળ વિસ્તારોના નાગરિકોને સ્થાનિક સ્તરે સેવા મળી શકશે અને વિકાસની ગતિમાં વધારો થશે.**

**વાવ-થરાદ જિલ્લામાં હાલના બનાસકાંઠા જિલ્લાના ૦૬ તાલુકાઓ વાવ, થરાદ, સુઈગામ, ભાભર, દિયોદર અને લાખણીનો સમાવેશ કરીને થરાદને જિલ્લા મુખ્ય મથક સાથે વાવ-થરાદ જિલ્લાની રચનાને કેબિનેટ દ્વારા મંજૂરી આપવામાં આવી છે**

**પ્રવક્તા મંત્રીએ કહ્યૂ કે આ નિર્ણય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી "વિકસિત ભારત ૨૦૪૭"ના દ્રષ્ટિકોણને અનુરૂપ છે અને ટૂંક સમયમાં તેની જાહેરાત વિધિવત જાહેરનામાથી કરવામાં આવશે.**

**--------------------------------------------------------------------------------------**

# સ્વસ્થ નારી સશક્ત પરિવાર પખવાડિયું

સ્વસ્થ નારી– સશક્ત પરિવાર પખવાડિયું" અંતર્ગત વિશેષ આરોગ્ય અને રસીકરણ સેવાઓનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત કચ્છમાં શહેર તથા ગામોમાં યોજાયેલા મેડીકલ કેમ્પનો મહિલા, તરૂણીઓએ લાભ લીધો હતો. ભચાઉ, દયાપર, આમરડી તથા વીરા સહિતના ગામના આયુષ્માન આરોગ્ય મંદિરો પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તથા સામૂહિક આરોગ્ય કેન્દ્રો ખાતે આરોગ્ય શિબિરો યોજાઇ હતી. ભચાઉમાં ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજાની ઉપસ્થિતિમાં સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ આરોગ્ય શિબિરોમાં કિશોરીઓની, મહિલાઓની આરોગ્ય ચકાસણી ઉપરાંત પોષણ, પી.એમ.જે.એ.વાય. કાર્ડ માટે નોંધણી, આભા કાર્ડ અને આયુષ્યમાન કાર્ડ બનાવવાની કામગીરી કરવામાં આવી હતી.

---------------------------------------------------------------------------------------

# સવચ્છતા હી સેવા : કચ્છમાં સફાઇ અભિયાન

સ્વચ્છ ભારત દિવસની ઉજવણીનાં ભાગરૂપે ભારત સરકાર દ્વારા સ્વચ્છ ભારત મિશનની 2 ઓક્ટોબર, સુધી "સ્વચ્છતા હી સેવા-૨૦૨૫" પખવાડિયાની ઉજવણી કરાશે. ત્યારે આ ઉજવણીના ભાગરૂપે કચ્છભરમાં ઠેર ઠેર સ્વચ્છતા કાર્યક્રમો તથા જનજાગૃતિની પ્રવૃતિઓ કરવામાં આવી રહી છે. આ અભિયાન હેઠળ વિવિધ શેહેરોમાં સરકારી વિભાગો, વાણીજ્ય વિસ્તાર, રહેણાક વિસ્તારો અને સ્લમ વિસ્તારોમાં સફાઇ કામગીરી કરાઇ હતી.

ગ્રામ્યસ્તરે પણ લોકો સક્રીયભાગીદારી સાથે જોડાઇને સ્વચ્છોત્સવની ઉજવણી કરી હતી. કાંડાગરા, કોટડા, આડેસર, સુગારીયા, માનકુવા, ધાણેટી, ધામડકા, બુંઢારમોર, રતનાલ, પધ્ધર સહિતના ગામડાઓમાં રોડ-રસ્તા, ધાર્મિક અને પ્રવાસન સ્થળો, નદી, તળાવો, ગામના એન્ટ્રી પોઈન્ટ ઉપરાંત માતાના મઢ પદયાત્રના કેમ્પના રસ્તાઓમાં સફાઈ ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું હતું.

---------------------------------------------------------------------------------------

## માતાના મઢ : નવરાત્રિ

**દેશદેવી મા આશાપુરાનાં સ્થાનક માતાના મઢે શ્રાદ્ધ પક્ષથી બીજાં નોરતાં સુધી ત્રણ લાખથી વધુ પદયાત્રીકોએ માતાજીના આશિર્વાદ લીધા હતા.પદયાત્રીની સંખ્યા ઓછી થતાં આજે ત્રીજા નોરતે ભાવિકોએ આરામથી મંદિરમાં દર્શન કર્યાં હતા. મઢની પરંપરા મુજબ દર માસની સુદ બીજના દિવસે સવારે મંદિરમાં ધજા ચઢાવવામાં આવે છે. રાજાબાવા યોગેન્દ્રસિંહ દ્વારા ધજા, પૂજાવિધિનો લાભ વિવિધ ભક્ત પરિવારને અપાય છે. આસો નવરાત્રિનાં બીજાં નોરતે મંદિર પર ધજા ચઢાવવાનો લાભ પશ્ચિમ કચ્છ પોલીસ પરિવારે લીધો હતો. માતાના મઢ ખાતે નવરાત્રિના ત્રીજાં નોરતે પણ ભક્તોનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે.**

**--------------------------------------------------------------------------------------------**

## નવરાત્રિ દરમિયાન પોલીસ દ્વારા પેટ્રોલિંગ

**નવરાત્રિ દરમિયાન મહિલા સુરક્ષા અને કાયદો વ્યવસ્થા જાળવવા પશ્ચિમ કચ્છ પોલીસે વિશેષ વ્યવસ્થા ગોઠવી છે. પોલીસ મહાનિરીક્ષક ચિરાગ કોરડિયા અને પોલીસ અધિક્ષક વિકાસ સુડાંના માર્ગદર્શન હેઠળ સુરક્ષા વ્યવસ્થા કડક બનાવવામાં આવી છે.**

**એલસીબી ઇન્ચાર્જ પીઆઇ એચ.આર. જેઠી અને પીએસઆઇ જે.બી. જાદવના નેતૃત્વમાં 9 મોબાઇલ વાહનોની ટીમો તૈનાત કરવામાં આવી છે. આ ટીમો દરરોજ રાત્રે 11થી સવારે 5 વાગ્યા સુધી ભુજ શહેર અને આસપાસના વિસ્તારોમાં સતત પેટ્રોલિંગ કરશે. મહિલાઓની સુરક્ષાને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. કોઈપણ કટોકટીની સ્થિતિમાં નાગરિકો પોલીસ કંટ્રોલ રૂમ નંબર 02832-250960 અથવા હેલ્પલાઇન 112 પર સંપર્ક કરી શકે છે.**

**--------------------------------------------------------------------------------------------**

## મુન્દ્રા પંથકમાં વરસાદ

**ચોમાસાની વિદાય બાદ આજે મુન્દ્રા પંથકના છુટાછવાયા વિસ્તારોમાં વરસાદી ઝાપટાં વરસ્યાના અહેવાલ પ્રાપ્ત થયા છે.**

**કચ્છના છુટાછવાયા વિસ્તારોમાં છેલ્લા થોડા દિવસોથી ધાબડિયો માહોલ જોવા મળી રહ્યો છે. આજે સવારે મુન્દ્રા શહેર અને તાલુકાના છુટાછવાયા વિસ્તારોમાં વરસાદી ઝાપટા વરસ્યા હતા. મુન્દ્રા શહેર, પોર્ટ વિસ્તાર, ગુંદાલા, સમાધોધા, ઝરપરા સહિત ગ્રામ્ય વિસ્તારોમાં ઝાપટા વરસતા પાણી વહી નીકળ્યા હતા.**

**---------------------------------------------------------------------------------------**

## ગાંધીધામ મહાનગર પાલિકા

**ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત નવા લાભાર્થીઓની નોંધણી માટે કેમ્પોનું આયોજન કરવામાં આવ્યું છે. યોજનામાં પોતાની માલિકીનું જર્જરીત મકાન કે ખુલ્લો પ્લોટ ધરાવતા લાભાર્થીઓને સરકાર તરફથી કુલ ૪ લાખની સહાય આપવામાં આવશે.**

**લાભ લેવા માટે અરજીકર્તાએ આવકનો દાખલો, જમીન માલિકી પુરાવો, રાશન કાર્ડ, આધાર કાર્ડ, પાન કાર્ડ તથા બેંક પાસબુકની નકલ સાથે હાજર થવું પડશે.**

**---------------------------------------------------------------------------------------**